Shree H. N. Shukla Group of Colleges

[ Affiliated to Saurashtra University & GTU ]

( Vaishali nagar 2 & 3, near Amrapali Railway Crossing, Rajkot. )

# B. A. DEPARTMENT

# PRELIMS EXAM-2023

CLASS:- T.Y.B.A. Semester - 6 TOTAL MARKS:- 70

SUBJECT:- Gujarati Paper 22 TIME:- 1:30 to 4:00

---

1. **નીચે આપેલ કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** (14)

છલકતું તળાવ એમ છલકાય ટહુકો
પળેપળને ભીની કરી જાય ટહુકો.
મહેતા હે ફૂલ-ગજરાની માફક
હવામાં થી તાજપ ભરી જાય ટહુકો.
તૂટી પડશે તરડાઈને નીલિમાં કઈ
જરા પણ જો નભ સાથે અફળાય ટહુકો.
તમે મૌન દોરા સમું જો કરીને
પરોવી શકો તો પરોવાય ટહુકો.
ફૂટી નીકળે પાંખનું પીછું થઈને
વિહગના ગળામાં જો રહી જાય ટહુકો.
ભરત શુષ્ટ શબ્દોના અવકાશમાં નિત
લીલોછમ મૃદુ તારો સંભળાય ટહુકો.
કોઈ મોરપીછાંને મૂંગું કરી દો
હવે મુજથી એકે ન સચવાય ટહુકો.

- **મનોજ ખંડેરિયા**

**પ્રશ્નો**:-

1) કવિ 'ટહુકા'નો શો અર્થ કરે છે?
2) કવિને 'ટહુકા'નો કેવા કેવા પ્રકારનો અનુભવ થાય છે?
3) ટહુકાનો પ્રકૃતિ પર કેવા પ્રકારનો પ્રભાવ કવિએ વર્ણવ્યો છે?
4) છેલ્લી કડીમાં કવિ મોરપીંછને મૂંગું કરી દેવાનું કેમ ઈચ્છે છે?
5) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**અથવા**

હવે નગરમાં સવારે સવારે
ફૂલ ફૂલ કરતાં તો વધુ
બારી-બારણા ઊઘડે છે.
બાગમાં રોપેલા પેલા જંગલી છોડ પણ
હારબંધ ઊભા રહી જાય છે,
માળીની કાતરને સલામી દઈને
મો- સંઝાના મલકાટને અને
સંધ્યાની નમણી લજ્જાને
દીવાલ પર ટાંગેલા આડાઅવળા
લીટાઓમાં અને રંગના ધાબાઓમાં
છૂપાયેલો પિકાસો હસી કાઢે છે.
'પ્રભુના પયગંબરો'ની ધૂળને
ગળી ગયા છે, આમતેમ અથડાતા
આલ્ફાસ્ટના અજગરો.
આ થોડાંક પંખીઓ પણ
વનવાસે આવ્યા હશે આ નગરમાં ?

**- જયંત પાઠક**

**પ્રશ્નો**:-

1) સવારે ખીલતાં ફૂલોનું સ્થાન નગરમાં કોણે લીધું?
2) જંગલી છોડ પર માનવ સ્વભાવની શી અસર થઇ છે?
3) પંખીઓને નગરમાં કેવું લાગતું હશે?
4) 'પ્રભુના પયગંબરો'ની ધૂળમાં શી દશા થઇ છે?
5) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

2. **નીચે આપેલ ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** (14)

મારે મન ઈશ્વર એક સત્ય છે. દયા છે, નીતિ છે, અભય છે. આસ્તિકની આસ્તિકતા અને નાસ્તિકતાની નાસ્તિકતા પણ તે જ છે. વાણી અને બુદ્ધિથી તેને કદી પામી શકાતો નથી. તે અત્યંત ક્ષમાવાન છે, પણ ભયંકર છે. અમે તેને જોયો નહિ તેવા બચાવ ચલાવતો નથી. પણ તે પશ્ચાતાપ કરવાની તક જરૂર આપે છે.

તેના જેવો સ્વતંત્રતાનો પક્ષપાતી કોઈ નથી. કારણ કે તે આપણને સત્ અને અસના વિવેક વિશે પૂરી સ્વતંત્રતા હંમેશાં આપે છે. તેના જેવો જુલ્મી પણ કોઈ નહિ હોય, કેમ કે વારંવાર તે આપણું કર્યું કરાવ્યું ધૂળ ભેગું કરી દે છે. આવા વ્યાપક સત્યનારાયણને પામવા ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રના સંઘર્ષથી ભાગી શકતો નથી. તેથી જ સત્યની મારી પૂજા મને ભારતના રાજકારણમાં ખેંચી ગઈ. ધર્મને રાજ્ય પ્રકરણ સાથે શો સંબંધ ? એમ કહેનાર ધર્મને જારાતો નથી એમ કહેવામાં હું અવિનય કરતો નથી.

**- ગાંધીજી**

**પ્રશ્નો :-**

1) ગાંધીજીને મન સત્ય શું?
2) ઈશ્વરને શેનાથી પામી શકતો નથી?
3) ગાંધીજી સત્યને સ્વતંત્રતાનો પક્ષપાતી કેમ કહે છે?
4) ગાંધીજી સત્યને જુલ્મી શા માટે મને છે?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**અથવા**

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે, પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુઓ જુએ નહીં, મેળવવાની વસ્તુ લે નહિ તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં જ પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં વિશેષ ગુણ એલો છે એમ માને છે. તેથી માસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ થાય છે. આખા દેશમાં સાધનાની પરિશુદ્ધિ થયેલી ચિત્તશક્તિ જેમ જેમ મહિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી પડશે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

**પ્રશ્નો :-**

1) વિદ્યા મેળવવાનો આધાર કોના ઉપર હોય છે?
2) કોની વિદ્યા પોથીમાં જ રહે છે?
3) માણસનું લક્ષ્ય શાથી ભ્રષ્ટ થાય છે?
4) રવીન્દ્રનાથ ટાગોર કઈ વાત કબૂલ કરવી પડશે એમ માને છે?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

3. **નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરવો.** (14)

મેરે તો ગિરિધર ગોપાલ, દુસરો ન કોઈ.
જા કે સિર મોર મુકુટ મેરે પતિ સોઈ.
માત તાત ભ્રાત બંધુ, અપના નહિ કોઈ;
છોડ દઈ કુલકી કાની, ક્યા કરિહે કોઈ.
અંસુવન જલ સીંચ સીંચ પ્રેમબેલી બોઈ;
અબ તો બેલ ફૈલ ગઈ, આમાંદ ફલ હોઈ.
દૂધ કી મથનિય બડે પ્રેમ સે બિલોઈ;
મખ્ખન જબ કાઢિ લિયો છાછ પિયે કોઈ.
ભગત દેખી રાજી હુઈ, જગત દેખી રોઈ;
દાસી મીરાં લાલ ગિરધર, તારો અબ મોહીં.

- **મીરાંબાઈ**

**અથવા**

ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની,
પુરી, કાશી, કાંચી, અવધ, મથુરા ને અવર સૌ,
ભમ્યો યાત્રાધામો, અડસઠ જલે સ્નાન કરિયાં,
વળી સાથે લાવ્યો વિમલ પટ ગંગોધક ભરી.
છતાં રે ના લાગ્યું પ્રભુ ! પુનિત એક્કે તીરથ
જ્યાં શકે મારી છીપી ચરમ મનીષા તું-દરશની
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહિં
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !
અમે બે સાંજુકા સહજ મઢી ઓટે નિત પેઠે
વળ્યા'તાં વાતોએ, નયન નમણાં ને સખી તણાં
પોઢ્યા'તાં વાત્સલ્યે, મૃદુલ નવજાતા કલી પેરે
ઝુકી, ઢાંકી જેને અરધપરધાં પાલવ થકી-
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃત ઝરા !

મને એ ચક્ષુમાં પ્રભુ ! જગત તીર્થોત્તમ મળ્યું.

- બાલમુકુન્દ દવે

4. સ્વરસંધિ સમજાવી, તેના નિયમો જણાવો. (14)

**અથવા**

વ્યંજનસંધિ સમજાવી, તેના નિયમો જણાવો.

5. **નીચે આપેલા શબ્દોના સંધિવિગ્રહ કરો : (ચારમાંથી કોઈપણ બે)** (14)

1) ઉજ્જવલ, તલ્લીન, શબ્દાર્થ, જીવાત્મા, હરીચ્છા, વિદ્યાભ્યાસ, દયાનંદ.

2) રમેશ, સૂર્યોદય, પ્રસંગોચિત, અત્યાનંદ, પ્રત્યેક, જગન્નાથ, સન્માર્ગ.

3) નિશ્ચલ, શિવાલય, રેખાકૃતિ, દેવેન્દ્ર, ગુરૂત્તમ, લઘુર્મિ, ઉપેન્દ્ર.

4) વિદ્યાર્થી, કવીન્દ્ર, નયન, વનૌષધિ, ગંગોર્મિ, દિગ્વિજય, જગદંબા.

# Shree H. N. Shukla Group of Colleges

[ Affiliated to Saurashtra University & GTU ]

( Vaishali nagar 2 & 3, near Amrapali Railway Crossing, Rajkot. )

## B. A. DEPARTMENT

## PRELIMS EXAM-2023

CLASS:- T.Y.B.A. Semester - 6 TOTAL MARKS:- 70

SUBJECT:- Gujarati Paper 21 TIME:- 1:30 to 4:00

1. ‘સોમતીર્થ’ નવલકથાનું મૂલ્યાંકન કરો. (14)

**અથવા**

‘સોમતીર્થ’ નવલકથાના સર્જકની સિદ્ધિ-મર્યાદા દર્શાવો.

2. ‘સોમતીર્થ’ નવલકથાનું ઐતિહાસિક નવલકથા તરીકે વિવેચન કરો. (14)

**અથવા**

‘સોમતીર્થ’ નવલકથાની વસ્તુ-સંકલના વર્ણવો.

3. ‘સોમતીર્થ’ નવલકથાની પાત્રાલેખન કલા કે ચરિત્ર-ચિત્રણકલા મૂલવો. (14)

**અથવા**

‘સોમતીર્થ’ નવલકથામાં સર્જકે બજાવેલા કર્તવ્યો અને તેમાં પ્રાપ્ત થતી સફળતા દર્શાવો.

4. ‘સોમતીર્થ’ નવલકથાની સંવાદકલાનો હૃદયગમ પરિચય આપો. (14)

**અથવા**

‘સોમતીર્થ’ નવલકથાની વર્ણનકલાનું તટસ્થ મૂલ્યાંકન કરો.

5. **કોઈ બે ટૂંકનોંધ લખો:-** (14)
   1) ‘સોમતીર્થ’ નવલકથામાં સ્થળ, કાલની સંકલના, માવજત.
   2) ‘સોમતીર્થ’ નવલકથાના મુખ્ય કાલ્પનિક પાત્રો.
   3) ‘સોમતીર્થ’ નવલકથાના આધારે ચૌલાનું પાત્રાલેખન.
   4) ‘સોમતીર્થ’ નવલકથાના આધારે ભીમદેવનું પાત્રાલેખન.

------------- ALL THE BEST ------------

Shree H. N. Shukla Group of Colleges
[ Affiliated to Saurashtra University & GTU ]
( Vaishali nagar 2 & 3, near Amrapali Railway Crossing, Rajkot. )

## B. A. DEPARTMENT

## PRELIMS EXAM-2023

CLASS:- T.Y.B.A. Semester - 6 TOTAL MARKS:- 70

SUBJECT:- Gujarati Paper 20 TIME:- 1:30 to 4:00

---

1. સાહિત્ય સ્વરૂપ તરીકે લઘુનવલ તથા નવલકથાનો યથાર્થ પરિચય કરવો. (14)

**અથવા**

લઘુનવલ તથા ટૂંકીવાર્તા(નવલિકા)ની સ્વરૂપગત તુલના કરો.

2. 'આગન્તુક' લઘુનવલની સિદ્ધિ-મર્યાદા દર્શાવો. (14)

**અથવા**

આધુનિક લઘુનવલ તરીકે 'આગન્તુક'નું મૂલ્યાંકન કરો.

3. 'આગન્તુક' લઘુનવલના નગરજીવનનો ચિતાર આપો. (14)

**અથવા**

'આગન્તુક' લઘુનવલની કલાત્મક વસ્તુ-સંકલના સમજાવો.

4. 'આગન્તુક' લઘુનવલની પાત્ર-સૃષ્ટિનો રસાત્મક ચિતાર આપો. (14)

**અથવા**

'આગન્તુક' લઘુનવલના તુમુલ સંઘર્ષનું નિરૂપણ કરો.

5. **કોઈ બે ટૂંકનોંધ લખો:-** (14)
   1) 'આગન્તુક' લઘુનવલનો આરંભ અને અંત.
   2) 'આગન્તુક' લઘુનવલની ભાષાશૈલી.
   3) 'આગન્તુક' લઘુનવલની સંવાદકલા.
   4) 'આગન્તુક' લઘુનવલના શિર્ષકની સાર્થકતા.

------------- ALL THE BEST ------------

# Shree H. N. Shukla Group of Colleges

[ Affiliated to Saurashtra University & GTU ]

( Vaishali nagar 2 & 3, near Amrapali Railway Crossing, Rajkot. )


## B. A. DEPARTMENT

## PRELIMS EXAM-2023

CLASS:- T.Y.B.A. Semester - 6 TOTAL MARKS:- 70

SUBJECT:- Gujarati Paper 19 TIME:- 1:30 to 4:00

---

1. કાવ્યના હેતુમાં (કાવ્યના સર્જનમાં) શક્તિ, નિપુણતા તથા અભ્યાસનું મહત્ત્વ સમજાવો. (14)

**અથવા**

ભારતીય તથા પાશ્ચાત્ય પરંપરા પ્રમાણે, સાહિત્ય કલાનાં વિવિધ પ્રયોજનો વિગતવાર દર્શાવો.

2. સાહિત્ય અને સમાજનો વિશિષ્ટ સંબંધ, વિગતે જણાવો. (14)

**અથવા**

સાહિત્ય અને નીતિનો સંબંધ વિગતવાર સમજાવો.

3. ભાવન અને વિવેચન વિષે વિચારણા કરો. (14)

**અથવા**

વિવેચનનું કાર્યક્ષેત્ર વિગતે સ્પષ્ટ કરો.

4. વિવેચકની સજ્જતા વર્ણવો. (14)

**અથવા**

વિવેચનની વિવિધ પ્રવૃત્તિઓ, રીતિઓ સમજાવો.

5. **કોઈ બે ટૂંકનોંધ લખો:-** (14)
   1) અભિવ્યક્તિ તથા પ્રત્યાયન
   2) સાહિત્ય અને સત્ય
   3) વિવેચનનાં પ્રયોજનો
   4) અનુભૂતિનું સાહિત્યમાં રૂપાંતર.

------------- ALL THE BEST ------------

# Shree H. N. Shukla Group of Colleges

[ Affiliated to Saurashtra University & GTU ]

( Vaishali nagar 2 & 3, near Amrapali Railway Crossing, Rajkot. )


## B. A. DEPARTMENT

## PRELIMS EXAM-2023

CLASS:- T.Y.B.A. Semester - 6 TOTAL MARKS:- 70

SUBJECT:- Gujarati Paper 18 TIME:- 1:30 to 4:00

---

1. ભારત-યુરોપીય ભાષાકુળની એક શાખારૂપે ભારતીય આર્યભાષાના એક ભાગનો, એના વિકાસના ત્રણ તબક્કાઓના નિર્દેશ સાથે પરિચય આપો. (14)

**અથવા**

ગુજરાતી ભાષાનો ઉદ્ભવ તથા વિકાસ, તેની ત્રણ ભૂમિકાના મહત્ત્વનાં ભાષાકીય લક્ષણોના પરિચય સાથે આપો.

2. વાક્યતંત્રનો, પદક્રમ તથા પદસંવાદ સહિત પરિચય કરાવો. (14)

**અથવા**

ગુજરાતી ભાષાના તત્સમ, તદ્ભવ, દેશ્ય, પરપ્રાંતિક તથા પરદેશી શબ્દોના ભંડોળના પરિચય આપો.

3. વાક્યના પ્રકારો, વિગતવાર તથા સદષ્ટાંત જણાવો. (14)

**અથવા**

લિંગ વ્યવસ્થા, લિંગવાચક પ્રત્યયો, લિંગભેદના અર્થો આલખો.

4. વચન વ્યવસ્થા, વચન વ્યક્ત કરવાની વિવિધ રીતો દર્શાવો. (14)

**અથવા**

વિભક્તિ વ્યવસ્થા વિષે સવિસ્તર વિચારણા કરો.

5. **કોઈ બે ટૂંકનોંધ લખો:-** (14)
   1) ક્રિયા વિશેષણો
   2) સંયોજકો
   3) નિપાતો
   4) ઉદ્ગારવાચકો.

------------- ALL THE BEST ------------

# Shree H. N. Shukla Group of Colleges

[ Affiliated to Saurashtra University & GTU ]

( Vaishali nagar 2 & 3, near Amrapali Railway Crossing, Rajkot. )


## B. A. DEPARTMENT

## PRELIMS EXAM-2023

CLASS:- T.Y.B.A. Semester - 6 TOTAL MARKS:- 70

SUBJECT:- Gujarati Paper 17 TIME:- 1:30 to 4:00

---

1. ગાંધીયુગીન સાહિત્યનાં વ્યાર્તક લક્ષણો વિગતવાર દર્શાવો. (14)

**અથવા**

ઇ.સ. ૧૯૫૬ પછીના ગુજરાતી કવિતા, ટૂંકી વાર્તા, નવલકથા, એકાંકીના સાહિત્યપ્રવાહોનો યથાયોગ્ય પરિચય કરાવો.

2. નવલકથાકાર કનૈયાલાલ મા. મુનશીની નવલકથાસૃષ્ટિ મૂલવો. (14)

**અથવા**

કવિ, એકાંકીકાર, વિવેચક ઉમાશંકર જોશીની સાહિત્યકલાનો રસાત્મક પરિચય કરાવો.

3. **નીચેનામાંથી કોઈપણ બે કૃતિનો, કૃતિલ ી-પરિચય આપો** (14)

   1) ‘ગુજરાતનો નાથ’
   2) ‘શર્વિલક’
   3) ‘સત્યના પ્રયોગો’
   4) ‘માનવીની ભવાઈ’

4. **ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે)** (14)

   1) ખંડ કાવ્ય
   2) સૉનેટ
   3) ગઝલ

5. **ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે)** (14)

   1) નારીસર્જકોનું આધુનિક સાહિત્યમાં પ્રદાન.
   2) આદિવાસી તથા લઘુમતી પ્રજાનું સાહિત્ય.
   3) ગુજરાતી સાહિત્યિક સંસ્થાઓ.
   4) ‘ધ્વનિ’નો કૃતિલક્ષી પરિચય કરાવો.

------------- ALL THE BEST ------------